

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મિનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-52 ■ તા. 05-01-202 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# નવા વર્ષના પહેલાં જ અઠવાડિયે ત્રીજીવાર ધ્રુજી કચ્છની ધરા, ૩.૬ ની તીવ્રતા સાથે નોંધાયો ભૂકંપ



ગુજરાતના કચ્છમાં આ એક અઠવાડિયામાં ત્રીજીવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. શનિવારે (૪ જાન્યુઆરી) સાંજે ૪:૩૭ વાગ્યે ૩.૬ ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો છે. કચ્છના દૂધઈથી ૨૮ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિન્દુ નોંધાયું છે. એક જ અઠવાડિયામાં ત્રીજીવાર ભૂકંપનો ઝટકો આવતા સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો છે. આ પહેલાં શુક્રવારે (૩ જાન્યુઆરી અને બુધવારે (૧ જાન્યુઆરી) પણ ભૂકંપનો ઝટકો નોંધાયો હતો.

આ પહેલાં ગત રોજ (૩ જાન્યુઆરી) સાંજે ૪:૧૬ કલાકે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો છે. જેમાં રાપરથી લગભગ ૨૪ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું હતું. પહેલી જાન્યુઆરીના દિવસે પણ કચ્છના અનેક વિસ્તારમાં ૩.૨ની તીવ્રતા સાથે ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપ આવતાં રાપર, ભચાઉ, ગાંધીધામ સહિતના વિસ્તારોમાં ધરા ધ્રૂજી હતી. જેમાં કચ્છના ભચાઉથી ૨૩ કિમી દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ હોવાનું સામે આવ્યું છે.

ગુજરાતમાં ૨૦૨૪માં ભૂકંપના કુલ ૧૩ આંચકા નોંધાયા છે. જેમાં જાન્યુઆરીમાં ૨, ફેબ્રુઆરી-ઑક્ટોબરમાં ૧-૧, નવેમ્બરમાં ૮ જ્યારે ડિસેમ્બરમાં અત્યાર સુધી ૧ આંચકાનો સમાવેશ થાય છે. જેની સરખામણીએ ગત વર્ષે ૨૦૨૩માં ૫, ૨૦૨૨માં ૧ જ્યારે ૨૦૨૧માં ૭ આંચકા નોંધાયા હતા. એક જ વર્ષમાં એકસાથે ૧૩ આંચકા આવેલા હોય તેવું છેલ્લા ૧૨ વર્ષમાં બન્યું નથી.

## યુપીના ગાઝિયાબાદમાં ભાજપ યુવા મોરચાના મંડળ અધ્યક્ષ ગેંગસ્ટર એક્ટમાં ધરપકડથી હોબાળો



ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં પોલીસે ભાજપ યુવા મોરચાના એખ પદાધિકારીની ગેંસ્ટર એક્ટ હેઠળ ધરપકડ કરી છે. આ ધરપકડથી નારાજ યુવા મોરચાના કાર્યકર્તાઓએ પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સાથે કાર્યકર્તાઓની પોલીસ સાથે બોલાચાલી પણ થઈ હતી. કાર્યકર્તાઓએ આરોપ લગાવ્યો કે, તેમના નેતાને ખોટી રીતે નિશાનો બનાવવામાં આવી રહ્યો છે.

ગાઝિયાબાદની ખોડા પોલીસે ભાજપ યુવા મોરચાના મંડળ અધ્યક્ષ અનુજ કસાનાની ગેંગસ્ટર એક્ટ હેઠળ ધરપકડ કરી છે. બુધવારે મોડી સાંજે થયેલી ધરપકડ બાદ યુવા મોરચાના કાર્યકર્તાઓએ વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધુ હતું. ગુરૂવારે (૨ જાન્યુઆરી) મોટી સંખ્યામાં કાર્યકર્તા ઈન્દિરાપુરમ પોલીસ સ્ટેશનની બહાર ભેગા થઈને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

પાંચ કલાકથી વધુ સમય સુધી વિરોધ પ્રદર્શન કરી રહેલાં ભાજપ યુવા મોરચાના કાર્યકર્તાઓએ સ્થાનિક તંત્ર અને પોલીસ સામે નારા લગાવ્યા હતાં. આ સાથે આરોપ લગાવ્યો કે, અમારા નેતાને ખોટી રીતે નિશાનો બનાવવામાં આવી રહ્યો છે. ખોડા મંડળ અધ્યક્ષ અનુજ કસાનાની ધરપકડ રાજકારણથી પ્રેરિત છે. આ મુદ્દે ભાજપ યુવા મોરચાના એક પ્રમુખ પદાધિકારી સચિન ડેઢાએ દાવો કર્યો કે, કસાનાને નિયમિત રીતે તપાસના બહાને ઈન્દિરાપુરમ પોલીલ સ્ટેશન બોલાવવામાં આવતો હતો. જોકે, બાદમાં તેની કોઈપણ પૂર્વ સૂચના અથવા સ્પષ્ટીકરણ આપ્યા વિના ગેંગસ્ટર એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે.આ મામલે એસપી ઈન્દિરાપુરમ સ્વતંત્ર સિંહે કહ્યું કે, પોલીસની કાર્યવાહી કાયદા મુજબ જ હતી. અનુજ કસાનાની ધરપકડ ખોડા પોલીસ સ્ટેશનમાં તેના અને તેના ભાઈઇ અમિત કસાના સામે નોંધવામાં આવેલાં છેલ્લાં બે ગુનાહિત કેસને લઈને કરવામાં આવી છે. જેમાં ગોળીબાર, જબરદસ્તી વસૂલીના આરોપનો સમાવેશ થાય છે. આ મુદ્દે પોલીસ વિધિવત કાર્યવાહી કરી રહી છે.

નોંધનીય છે કે, ગુરૂવારે સવારે ૧૧ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી પોલીસ કાર્યવાહીના વિરોધમાં ભાજપ યુવા મોરચાના કાર્યકર્તાઓએ પોલીસ સ્ટેશનની બહાર હોબાળો કરતા પ્રદર્શન કર્યા હતાં. ચાર વાગ્યે જ્યારે સ્થાનિક ભાજપ ધારાસભ્યએ પોલીસ ઓફિસર સાથે વાતચીત કરી ત્યારે જતા મામલો શાંત થયો. ધારાસભ્યએ પ્રદર્શનકારીઓને કહ્યું કે, આ મામલે નિષ્પક્ષ તપાસ થશે. ધારાસભ્યના આશ્વાસન મળ્યા બાદ પ્રદર્સનકારીઓ પોલીસ સ્ટેશનથી જતા રહ્યાં.

## રેલવે ટ્રેક પર બેસી પબજી રમતાં 3 મિત્રો ટ્રેન નીચે કપાયા, બિહારના બેતિયા ગામમાં સન્નાટો



બિહારના બેતિયામાં માનસા ટોલા ગુમતી નજીક ટ્રેનની અડફેટે ત્રણ કિશોરોના મૃત્યુ નિપજ્યાં હતા. આ દુર્ઘટના મુઝફ્ફરપુર-નરકટિયાગંજ પર બેતિયા અને મજોલિયા રેલવે સ્ટેશન વચ્ચે મનસા ટોલા ગુમતી નજીક સર્જાઈ હતી. રેલવે ટ્રેક પર બેસીને ત્રણ કિશોરો મોબાઈલ પર પબજી ગેમ રમી રહ્યા હતા.

પોલીસના જણાવ્યાનુસાર, મુઝફ્ફરપુર-નરકટિયાગંજ પર બેતિયા અને મજોલિયા રેલવે સ્ટેશનની વચ્ચે માનસા ટોલા ગુમતી પાસે ટ્રેનની અડફેટે ત્રણ સગીર મિત્રોના મોત થયા હતા. અકસ્માત બાદ આસપાસના લોકોએ મૃતકના સંબંધીઓને જાણ કરી હતી, ત્યારબાદ પરિવારજનોએ તેમના મૃતદેહને બહાર કાઢ્યો હતો.

, રેલવે ટ્રેક પર બેસીને ત્રણેય મિત્રો પોતાના મોબાઈલમાં ગેમ રમી રહ્યા હતા અને ત્રણેયએ કાનમાં ઈયરફોન પહેર્યા હતા. દરમિયાન મુઝફ્ફરપુરથી નરકટિયાગંજ જતી મેમુ ટ્રેનની ટક્કરથી ત્રણેયના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોની ઓળખ બારી ટોલાના રહેવાસી તરીકે થઈ છે. ત્રણેય એક જ ગામના રહેવાસી હતા.

## અમદાવાદ સિવિલમાં કિડનીના દર્દીઓ પાસેથી ઉઘરાવાય છે રેલવે કન્સેશનના ૧૦૦ રૂપિયા




અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રીસર્ચ સેન્ટર સામે લોકોમાં ભારે રોષ ફેલાયો છે. હવે કિડનીની સારવાર માટે બહારગામથી આવતા દર્દીઓ પાસેથી રેલવે કન્સેશન ફોર્મ દીઠ રૂપિયા ૧૦૦ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

કિડની, હૃદય અને કેન્સરની સારવાર માટે રેલવેથી મુસાફરી કરીને આવતા દર્દીઓને હાલ ટિકિટ ભાડામાં ૭૫ ટકા સુધીનું કન્સેશન આપવામાં આવે છે. આ કન્સેશન મેળવવા દર્દીએ માત્ર એક ફોર્મ ભરવાનું રહે છે. પરંતુ કિડની હોસ્પિટલે દર્દીઓના રેલવે કન્સેશન ફોર્મને પણ કમાણીનું સાધન બનાવી દીધું છે. છેલ્લા ઘણાં મહિનાથી દર્દીઓ પાસેથી આ ફોર્મ દીઠ રૂપિયા ૧૦૦ લેવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી છે. દર્દીઓના મતે અગાઉ આ રીતે રેલવે કન્સેશન ફોર્મ માટે રૂપિયા લેવામાં આવતા નહોતા. પરંતુ હવે દર્દી ૧૦૦ રૂપિયા આપે પછી જ તેને ફોર્મ મળે છે. કિડની ઈન્સ્ટિટ્યુટે કમાણી માટે દર્દીઓ પાસેથી ફોર્મના રૂપિયા વસૂલવાને સ્થાને હકિકતમાં તો સ્પેશિયલ રૂમના ભાડામાં વધારો કરવો જોઈતો હતો. દરરોજ અંદાજે ૩૦થી ૪૦ જેટલા દર્દીઓ રેલવે કન્સેશન ફોર્મ લઈ જતાં છે.

સિવિલની કિડની હોસ્પિટલમાં દવાઓની ખરીદીમાં વધુ રકમ ચુકવવા તેમજ દવાઓનું પરીક્ષણ થતું નહીં હોવાની વિગતો સામે આવી છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૨૩ દરમિયાન દવાઓ- સર્જિકલ વસ્તુઓનું ગુણવત્તા પરીક્ષણ હાથ ધરાયું નહોતું. આ ઉપરાંત કિડની હોસ્પિટલે દવાઓનો જથ્થો ઊંચા દરે ખરીદ્યો હતો.

## નડિયાદ-ડાકોર રોડ પર વિચિત્ર અકસ્માત, આશસર ટેમ્પોનું સ્પેર વ્હિલ અથડાતા બાળકીનું મોત

નડિયાદ-ડાકોર રોડ પર વિચિત્ર અકસ્માત સર્જાર્યો છે. જેમાં ટેમ્પોનું સ્પેર વ્હીલ બાળકીના મોંઢા પર અથડાતા સાડા ત્રણ વર્ષની બાળકીનું મોત નિપજ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા જિલ્લાના નડિયાદ-ડાકોર રોડ પર આવેલા સલુણ ગામ પાસે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર રોડની નજીક વસવાટ કરતા એક શ્રમિક પરિવારની સાડા ત્રણ વર્ષની દીકરી હાઈવેની બાજુમાં રમી રહી હતી. આ દરમિયાન હાઈવે પરથી એક આઈશર ત્યાંથી પસાર થયું હતું. જેમાં ટ્રોલીમાં પડેલું સ્પેર વ્હીલ ઉછળીને બાળકી પર પડ્યું હતું અને તેને મોંઢાના ભાગે ઈજા પહોંચતાં મોત નિપજ્યું હતું.

## ગૌતમ અદાણી વિરૂદ્ધ ૨૦૦૦ કરોડની લાંચ અને છેતરપિંડીના કેસમાં યુએસ કોર્ટના મહત્ત્વના આદેશ



અમેરિકામાં અદાણી ગ્રૂપ વિરૂદ્ધ ચાલી રહેલા ગુનાહિત અને લાંચના કેસની સુનાવણી અને ચુકાદો એક જ જજ સમક્ષ રજૂ કરવામાં આવશે. યુએસ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન તેમજ ન્યૂયોર્કની ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે અદાણી ગ્રૂપના કેસની અસરકારક અને સચોટ ચુકાદા માટે એક જ જજ સમક્ષ રજૂ કરવા આદેશ આપ્યો છે.

અદાણી ગ્રૂપની અદાણી ગ્રીન એનર્જી બોર્ડના સભ્યો, પ્રમોટર્સ વિરૂદ્ધ ૨૬૫ મિલિયન ડોલર (રૂ. ૨૦૦૦ કરોડ)ની લાંચનો આરોપ મૂકાયો છે. તેમજ અમેરિકાના રોકાણકારો સાથે છેતરપિંડી કરી હોવાનો પણ કેસ દાખલ થયો છે. આ બંને સિવિલ અને ક્રિમિનલ કેસની સુનાવણી એક જ જજ સમક્ષ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જેથી બંને કેસોની અલગ-અલગ તારીખની પ્રતિકૂળ અસરો ન પડે તેમજ અસરકારક નિર્ણય લઈ શકાય.

અદાણી ગ્રૂપ વિરૂદ્ધ સિવિલ અને ક્રિમિનલ કેસનો ચુકાદો અને સુનાવણી યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ગરૌફીસ સંભાળશે. પરંતુ બંને કેસને અલગ અલગ સાંભળવામાં આવશે. બંને કેસના ચુકાદા અને આદેશ પણ અલગ અલગ રહેશે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે સ્પષ્ટતા કરી છે કે, બંને કેસોની સંયુક્ત સુનાવણી કે ચુકાદો અપાશે નહીં.

## તંત્રી લેખ....

# ઓટો ઈન્ડસ્ટ્રીઝ ટોપ ગિયરમા

ગત વર્ષના છેલ્લા મહિનામાં કારોનું વેચાણ વધવાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. દેશની પ્રમુખ કાર કંપનીઓ મારુતિ સુઝુકી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તેમજ તાતા મોટર્સની કારના જથ્થાબંધ વેચાણમાં ૧.૪% થી ૩૦% સુધીનો વધારો નોંધાયો છે. જો કે દેશનો સૌથી મોટો આઇપીઓ લાવનારી હ્યુંડાઇ મોટર ઇન્ડિયાનું વેચાણ ડિસેમ્બરમાં ૨.૪% ઘટ્યું છે. ઑટો એક્સપર્ટ અનુસાર છેલ્લા મહિનામાં કારનું વેચાણ વધવાનું મુખ્ય કારણ લગ્નની સીઝન અને યર એન્ડ ડિસ્કાઉન્ટ અંતર્ગત કારની ખરીદી પર ભારે છૂટ હતી. તે ઉપરાંત ગત મહિને ગ્રામીણ વિસ્તારમાં પણ મજબૂત માંગ જોવા મળી હતી.

મારુતિ સુઝુકી: મારુતિ સુઝુકીએ ગત મહિને ડિસેમ્બરમાં સર્વાધિક ૧.૭૮ લાખ કારનું વેચાણ કર્યું હતું. તેમાંથી ૩૭,૪૧૯ કારની નિકાસ કરાઇ હતી. જે કોઇ એક મહિનામાં સર્વાધિક નિકાસનો રેકોર્ડ છે. ડિસેમ્બર ૨૦૨૩ની તુલનામાં તે ૩૯.૨% વધુ હતી.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા: ડિસેમ્બર ૨૦૨૪ના વાર્ષિક આધાર પર ૧૬%ની વૃદ્ધિ સાથે ૬૯,૭૬૮ યુનિટ્સનું વેચાણ નોંધાવ્યું. તાતા મોટર્સનું વેચાણ ડિસેમ્બરમાં ૧.૪% વધ્યું હતું. કંપનીએ ૪૪,૨૮૯ કારનું વેચાણ કર્યું હતું.

# ટેક્નોલોજીના યુગમાં ટેલિમેટિક્સ ગેમચેન્જર બની રહેશે

## મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રોથ સાથે સલામતીની આવશ્યકતા



આજના વિશ્વમાં ટેક્નોલોજી સતત વિકસી રહી છે અને આ આધુનિક યુગમાં, અમે અમારી કારને કેવી રીતે હેન્ડલ કરીએ છીએ તે જાણવા માટે એક ક્રાંતિકારી નજર આવી રહી છે. તે ટેલિમેટિક્સ છે, આ એક એવો શબ્દ છે જે સાંભળવામાં જટિલ લાગે છે પરંતુ તે ચોક્કસ રીતે તમારી કાર અને ટેક્નોલોજી દ્વારા તમારા ડ્રાઈવિંગ અનુભવને સુધારવા માટે કામ કરે છે, અને તે આજના યુગમાં ગેમ-ચેન્જર બની રહી છે. તો ચાલો, સમજીએ કે આ ટેલિમેટિક્સ શું છે અને તમારે શા માટે તે સમજવું જોઈએ? તો ચાલો આપણે તેને સરળ શબ્દોમાં સમજીએ.

ટેલિમેટિક્સ એ તમારી કારમાં એક મૈત્રીપૂર્ણ કો-પાઈલટને રાખવા જેવું છે, જે તમારી ડ્રાઈવિંગની પદ્ધતિને સમજવામાં અને તે સુધારવા માટે સ્માર્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે તેમ ઝુનો જનરલ ઈન્સ્યોરન્સના એમડી અને સીઈઓ શનાઈ ઘોષે દર્શાવ્યું હતું. વધુમાં જણાવ્યું કે આ માત્ર એ સ્થાનથી લઈને બીજા સ્થાન સુધી જવા માટે જ નથી; પરંતુ તે તમારી મુસાફરીને વધુ સુરક્ષિત અને વધુ વ્યક્તિગત બનાવે છે. ડેટા અને ટેક્નોલોજીના આ વિશ્વમાં, ટેલિમેટિક્સ એ અમારા રસ્તાઓને વધુ સુરક્ષિત બનાવવા અને અમારા ડ્રાઈવિંગ અનુભવોને વધુને વધુ વ્યક્તિગત બનાવવાની દિશામાં એક સકારાત્મક પગલું ગણી શકાય છે. તે તમારી કારમાં તમારી સાથે એક ડિજિટલ મિત્ર રાખવા જેવું છે, જે તમને વધુ યોગ્ય અને સુરક્ષિત વર્તન કેળવવા માટે માર્ગદર્શન આપે છે.

ટેલિમેટિક્સ વિશેની એક મજાની વાત એ છે કે તે તમારા ડ્રાઈવિંગના વર્તન પર નજર રાખે છે. તમારી કાર માટે એક સાયલન્ટ ઓબ્ઝર્વર તરીકે તેની કલ્પના કરો, તે કેવી રીતે કામ કરે છે? તમારી કાર સ્માર્ટ સેન્સરથી સજ્જ હોય છે જે ગતિ વિશે જાણી શકે છે અને તે તમારા ડ્રાઈવિંગના વિવિધ પાસાઓનું નિરીક્ષણ કરે છે. તે દરેક વસ્તુઓ પર નજર રાખવા માટે એક નાનું ડિજિટલ સાથીદાર સાથે રાખવા જેવુ છે.ઘણી વાર જો તમે અચાનક બ્રેક લગાવો છો અથવા થોડી વધુ ઝડપથી વાહન ચલાવો છો, તો તમારી કાર તેની નોંધ કરે છે અને આ માહિતીને તમારા 'ડ્રાઈવિંગ સ્કોર' તરીકે ઓળખવામાં આવે છે. અથવા તો તમે તેને તમારા ડ્રાઈવિંગ વર્તન માટેનો રિપોર્ટ કાર્ડ પણ કહી શકો છો. જોકે, તમને આશ્ચર્ય થતું હશે કે તમારે તમારું ડ્રાઈવિંગ સ્કોર શા માટે જાણવું જોઈએ? ઠીક છે. રસપ્રદ વાત એ છે કે, તમારો ડ્રાઈવિંગ સ્કોર એ માત્ર એક સંખ્યા જ નથી; પંરતુ તે એક એવું સાધન છે જે તમને સુરક્ષિત અને વધુ જાગૃત ડ્રાઈવર બનવામાં સહાયતા કરી શકે છે. તે તમારી સાથે એક કોચને રાખવા જેવું છે.

ઈન્સ્યોરન્સ કંપનીઓ ટેલિમેટિક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે પરંતુ ટેલિમેટિક્સ માત્ર આવા પ્રતિસાદ માટે જ નથી. અમુક વીમા કંપનીઓ વ્યક્તિગત કાર વીમો ઓફર કરવા માટે આ તકનીકનો ઉપયોગ કરી રહી છે. તમે વધુ સારી રીતે વાહન ચલાવશો, તો તમારે તેટલું ઓછું વીમા પ્રીમિયમ ચૂકવવું પડશે. આ તો તમારી સલામત ડ્રાઈવિંગ આદતો માટે પુરસ્કૃત થવા જેવું છે. તે તમારા માટે લાભદાયક બની શકે છે – તમે માર્ગ પર જેટલા સુરક્ષિત રહેશો તેટલો તમારા માટે સંભવિત રીતે વીમા ખર્ચ ઓછો થઈ જશે.

## સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો:નિફ્ટીમાં પણ ૧૬૦ પોઈન્ટનો ઘટાડો, આઈટી સેક્ટરમાં સૌથી વધુ ઘટાડો

આજે ૩ જાન્યુઆરીએ સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૬૦૦થી વધુ પોઈન્ટના ઘટાડા સાથે ૭૯,૩૩૦ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ ૧૬૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળી રહ્યો છે, તે ૨૪,૦૨૦ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે.સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૮ ઘટી રહ્યા છે અને ૧૨ વધી રહ્યા છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૦ ઘટી રહ્યા છે અને ૨૦ વધી રહ્યા છે. એનએસઈ સેક્ટોરલ ઈન્ડેક્સમાં ૧.૨૬%ના ઘટાડા સાથે આઈટી સેક્ટર સૌથી વધુ નુકસાન સાથે ટ્રેડ થઈ રહ્યું છે.

એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કી ૦.૯૬% અને કોરિયાનો કોસ્પી ૨.૦૮% વધ્યો હતો. તે જ સમયે, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૦.૪૬% ના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે.

૨ જાન્યુઆરીએ વિદેશી રોકાણકારો એ ?૧,૫૦૬.૭૫ કરોડના શેર ખરીદ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સ્થાનિક રોકાણકારો (ૈં)એ પણ ૨૨.૧૪ કરોડના શેર ખરીદ્યા હતા.

૨ જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૩૬%ના ઘટાડા સાથે ૪૨,૩૯૨ પર બંધ થયો હતો.

સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ ટેક્નોલોજીનોૈ ૬ જાન્યુઆરીએ ખુલશે સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડનો ૬ જાન્યુઆરીએ ખુલશે. રોકાણકારો તેના માટે ૮ જાન્યુઆરી સુધી બિડ કરી શકશે. ૧૩ જાન્યુઆરીએ કંપનીના શેર બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ થશે.ગઈકાલે બજારમાં તેજી જોવા મળી હતી આ પહેલા ગઈકાલે એટલે કે ૨ જાન્યુઆરીએ સેન્સેક્સ ૧૪૩૬ પોઈન્ટ ઉપર ગયો હતો અને ૭૯,૯૪૩ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ ૪૪૫ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, તે ૨૪,૧૮૮ના સ્તરે બંધ થયો હતો.સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૯ શેરોમાં વધારો જોવા મળ્યો હતો. આજે ઓટો અને આઈટી શેરમાં વધુ ઉછાળો જોવા મળ્યો હતો. આઇશર મોટર્સના શેરમાં ૮.૫૫% અને મારુતિ સુઝુકીના શેરમાં ૫.૬૧%નો વધારો જોવા મળ્યો હતો.

# ડૉલર સામે સતત તૂટતો રૂપિયો, ૮૫.૭૫ ના નવા તળીયે, જ્યારે શેરબજારમાં તેજીનો માહોલ



નવા કેલેન્ડર વર્ષના પ્રારંભે વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં પૂન:પ્રવેશ કરવાની સાથે બજારના અન્ય ખેલાડીઓએ પણ નીચા મથાળે નવી લેવાલી હાથ ધરતા ભારતીય શેરબજારમાં આજે તેજીના સુસવાટામાં સેન્સેક્સમાં ૧૪૩૬ અને નિફ્ટીમાં ૪૪૫ પોઈન્ટનો ઊછાળો નોંધાયો હતો. તો બીજી તરફ ડોલર સામે ભારતીય રૂપિયાનું ઐતિહાસિક પતન જારી રહેતા આજે રૂપિયો ૮૫.૭૫ના નવા તળિયે પટકાયો હતો.

શેરબજારમાં લાંબા સમય બાદ ફરી એકવાર નવા વર્ષના પ્રારંભે સંગીન સુધારો થયા બાદ સતત પીછેહઠના પગલે હેવીવેઈટ શેરો નીચા મથાળે ઉતરી આવતા વિદેશી રોકાણકારોએ આ શેરોમાં મોટા પાયે નવી લેવાલી હાથ ધરી હતી. બીજી તરફ સ્થાનિક ખેલાડીઓ, ઓપરેટરો તેમજ રોકાણકારો દ્વારા પણ નીચા મથાળે નવી લેવાલી હાથ ધરાતા બજારમાં સુધારા ચાલ એકધારી આગળ વધતા તેજીનો માહોલ ઉભો થયો હતો.

વિદેશી રોકાણકારોની આગેવાની હેઠળ નીકળેલી નવી ઝડપી લેવાલી પાછળ આજે બીએસઈ સેન્સેક્સ એક તબક્કે ૮૦ હજારની સપાટી કુદાવ્યા બાદ અંતે ૧૪૩૬.૩૦ પોઈન્ટ ઉછળીને ૭૯૯૪૩.૭૧ની સપાટીએ મક્કમ હતો. જ્યારે નિફ્ટી ઈન્ડેક્સ ૪૪૫.૭૫ પોઈન્ટ ઉછળીને ૨૪૧૮૮.૬૫ની સપાટીએ મજબૂત રહ્યો હતો. વિદેશી રોકાણકારોએ આજે લાંબા સમય બાદ રૂપિયા ૧૫૦૭ કરોડની નવી લેવાલી હાથ ધરી હતી. આજે રોકાણકારોની સંપત્તિમાં રૂપિયા ૬.૦૪ લાખ કરોડનો વધારો થતા અંતે રૂપિયા ૪૫૦.૪૭ લાખ કરોડ રહી હતી.

# જામનગરની ભૂમિ અમારા પરિવારના વિશ્વાસ અને આશાઓનું ધબકતું હૃદય છે : નીતા અંબાણી





જામનગરમાં રિલાયન્સની ઓઈલ રિફાઈનરીની સ્થાપનાના ૨૫ વર્ષ પૂરાં થવા પર આયોજિત સમારોહમાં કર્મચારીઓ અને પરિવારના સભ્યોને સંબોધતાં રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન અને સંસ્થાપક નીતા અંબાણીએ ધીરુભાઈ અંબાણીને યાદ કર્યા હતા. પોતાની સ્પીચમાં તેમણે કહ્યું કે જામનગર કોઈ એક સ્થળ નથી પરંતુ રિલાયન્સનો આત્મા છે.

નીતા અંબાણીએ આ દરમિયાન કોકિલાબેનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે જામનગર તેમની જન્મભૂમિ રહી છે. તેમના આશીર્વાદના કારણે જ આ બધુ સાકાર થયું છે. અમે તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. ત્યારબાદ રિલાયન્સના સંસ્થાપક ધીરુભાઈ અંબાણીનો ઉલ્લેખ કરતાં નીતા અંબાણીએ કહ્યું કે જામનગર તેમની કર્મભૂમિ રહી છે. ધીરુભાઈના જન્મદિવસ વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું કે તેમના આશીર્વાદ હંમેશા આપણા પર બની રહેશે.

નીતા અંબાણીએ તેમના પતિ અને રિલાયન્સના માલિક મુકેશ અંબાણીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જામનગર તેમના માટે હંમેશા શ્રદ્ધાભૂમિ રહી છે. જેને તેઓ હંમેશા માનતા આપતા આવ્યા છે. ધીરુભાઈ અંબાણીનું સપનું હતું કે વિશ્વની સૌથી મોટી રિફાઈનરીની સ્થાપના કરે અને આ સપનું મુકેશ અંબાણીએ સાકાર કરી બતાવ્યું. ત્યારે અનંત અંબાણી વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું કે જામનગર અનંત માટે સેવાભૂમિ છે. નીતા અંબાણીએ કહ્યું કે જામનગરની ભૂમિ અમારા માટે ફક્ત એક જમીન નથી પણ અમારા પરિવારના વિશ્વાસ અને આશાઓનું ધબકતું હૃદય છે.

# ચિરાગ પટેલ -આઈ સી યુ

"બીપપ બીપપ બીપપ"

"કૉડ રેડ ઈમરજન્સી રૂમ નંબર ૪૫"

"અરે, વળી પાછું શું થયુંપ હે, પ્રભુ! હું થોડીવારમાં આવું", કહીને અહલ્યા હાંફળી-ફાંફળી દોડી.

હું પિતાજીનો જમણો હાથ પકડીને ઉભો અને મોનિટર પર દેખાતું નંબરોનું નર્તન પરાણે જોતો રહ્યો!

હૃદયના ધબકારા ૧૬૫-૧૪૦-૧૨૫-૧૪૦-૧૬૦૫ રક્ત ચાપ ૧૯૦/૧૧૦૫ પ્રાણવાયુ ૮૫૫ શ્વાસની ગતિ ૨૦-૩૦-૪૫-૨૫-૩૫૫ વેન્ટિલેટર પર પીપ ૮ર્પ ર ૬૦%૫ શર્કરા ૩૫૦૫ આંખો ૧૨ દિવસથી પ્રૉપોફોલની અસર તળે બંધપ ુહ્વષ્ઠ ૨૪૦૦૦૫ મેંદ્ર ૧૪૫૫ ક્રિએટિનાઈન ૧.૮૫૫ ઍન્ટિબાયોટિક મૅરોપેનેમપ લેસિક્સના ઈન્જેક્શન

ધીરેધીરે નળી વાટે જઠરમાં ઉમેરાતો પ્રવાહી ખોરાકપ સાથે સતત ઈન્સ્યુલિનનો પ્રવાહપ વગેરે વગેરે બધું મગજમાં ઘૂમરાયા કરતુ હતું. થોડી-થોડી વારે બધાં મશીનો ચિત્કાર કરતાં હતાં – કંઈક કરો, કંઈક કરોપ પણ શું કરવું એની મને તો કોઈ ગતાગમ નહોતી એટલે મનોમન ભુવનેશ્વરીને સ્મરતો બધું શૂન્યમનસ્કપણે જોતો રહ્યો! મનમાં વિચિત્ર ભાવો ઘૂંટાયા કરતાં હતાં.

પિતાજી બાકી બધી રીતે સામાન્ય હતા – ખાવું, પીવું, બોલવું, ચાલવું, બધાં સાથે હળવું-મળવું, ટીવી જોવું, ફોન પર પાર વિનાની વાતો કરવી, પૌત્રોની વિવિધ માંગણીઓ સંતોષવી, બધું જ! ૭૦ વર્ષે પણ લગભગ અડીખમ, શરીરે સ્વસ્થ કહી શકાય. પિતાજીને મેં અહીં લાવી મૃત્યુના મુખમાં ધકેલી દીધા હતા ? એમનું કેન્સરમુક્ત રેડિએશનગ્રસ્ત હાડકું સડી રહ્યું હતું. કદાચ ૩-૪ વર્ષે મગજ સુધી સડો પેઠો તો તાત્કાલિક સર્જરી કરાવવી પડે અને એ વખતે તો એ શારીરિક રીતે વધુ નબળા થયા હોય એટલે મેં પાણી આવે એ પહેલા પાળ બાંધી લેવા સર્જરી કરાવવી નક્કી કરી.

ડૉક્ટર યદુવેન્દ્ર પોતાના ક્ષેત્રમાં નિષ્ણાત અને પ્રખ્યાત હતાં. એટલે મને સર્જરીની સફળતા વિષે કોઈ શંકા નહોતી. પિતાજીનું હૃદય પણ ૬-૮ કલાકની સર્જરી માટે સક્ષમ હોવાનું હૃદયના નિષ્ણાત ડૉક્ટરે સર્ટિફિકેટ આપી દીધું હતું. પરંતુ ધાર્યું ધણીનું જ થાય !




"હે ઈશ્વર, માજી બચે એવું નથી લાગતું! કાશ, હું કંઈક કરી શકું! પણ શું થાય? ભગવાન જેમને પોતાના ઘરે બોલાવે એના માટે અમે લાચાર." અહલ્યાએ દુઃખદ સ્વરે સમાચાર આપ્યા. શરીરે નમણી અહલ્યા ભારે કામગરી નર્સ હતી. એક સેકન્ડ જંપીને બેસતી નહોતી. પોતાની દેખરેખમાં આવેલાં દર્દીઓ માટે એક મા જેવી લાગણીથી સારવાર કરતી. સમયસર દવા આપવી, સાફસફાઈ કરવી, કમ્પ્યુટરમાં નોંધ કરતા રહેવું, દર્દીના મળમૂત્ર સાફ કરવા, ઘા ચોખ્ખા રાખવા, દર્દી સાથે મારા જેવું કોઈ સગું હોય તો એના અનેક પ્રશ્નોના સમાધાન કરવા, ૧૨ કલાકની પાળીમાં કામ, ખાવા-પીવાનો અંગત સમય પણ કદાચ ના રહે, અને છતાંય મ્હોં પર સ્મિત અને પોતાના બાળકની કાળજી લે એ રીતે દર્દીની સારવાર ! શું ભુવનેશ્વરી અહલ્યા સ્વરૂપે પિતાજીની સારવાર કરતી હતી?

"ડૉક્ટર કૃપલાણી, જલ્દી રૂમ પમાં આવો." અહલ્યાનું પેજ સાંભળી મને ધ્રાસ્કો પડ્યો. કૃપલાણી હોસ્પિટલના હૃદયરોગના નિષ્ણાત ડૉક્ટર હતાં.મને લાગ્યું કદાચ મારા હૃદયના તીવ્ર ધબકારા અહલ્યાને સંભળાઈ ગયા લાગે છે.

"તમારા પિતાજીને ઈલેક્ટ્રિક શૉક આપવો પડશે." ડૉક્ટર કૃપલાણીના આ શબ્દો સાંભળી મને શૉક લાગી ગયો. પિતાજીનું હૃદય અટપટા ચકરાવા લઈ રહ્યું હતું.

ડૉક્ટર શૉક આપવાનું મશીન લઈ આવ્યા. સાથે અહલ્યા અમુક પ્રિન્ટ કરેલા કાગળો લઈ આવી. સાથે સહાયમાં બીજી બે નર્સ હતી.

"શૉક આપવાથી હૃદય સારું થવાની શક્યતા ૮૩% છે. પણ ચિંતા ના કરો. ભાગ્યે જ અમે નિષ્ફળ જઈએ છીએ. વિશ્વાસ રાખો." ડૉક્ટર મારો વિશ્વાસ ડગમગાવી રહ્યા હતાં કે વધારી રહ્યાં હતાં એ જ ખબર ના પડી. પરંતુ મારી પાસે કોઈ વિકલ્પ પણ ક્યાં હતો? મેં કાગળો પર સહી કરી.

પ્રતીક્ષાખંડમાં જઈને હું બેઠો. મારુ મન ડૉક્ટર કૃપલાણીના શૉકના પરિણામ વિષે શોકમાં હતું. આ સમયે તો ભુવનેશ્વરી પણ યાદ ના આવી. માત્ર ઘડિયાળને અવઢવપણે હું જોતો રહ્યો. એકાએક મને લાગ્યું કે દસેક મિનિટ થઈ ગઈ. હું ગભરાતો-ગભરાતો રૂમ નંબર પમાં ગયો. પિતાજી શાંતિથી સૂતાં હતાં. મોનિટર પર હૃદયના નિયંત્રિત તાલ ૬૦-૬૨ જોઈ હું એની મધુરી તાનમાં ખોવાઈ ગયો. એકાદ મિનિટમાં ડૉક્ટર કૃપલાણીના શબ્દો મને અથડાયા, "આપણે સફળ રહ્યાં." મેં ડૉક્ટર હચમચી જાય એટલા જોરથી તેમનો હાથ પકડી લીધો.

"પણ, પિતાજી સ્વસ્થ નથી. હું ખોટી આશા આપવા નથી માંગતો. તમારે વાસ્તવિકતા સ્વીકારી લેવી જોઈએ." ડૉક્ટર કૃપલાણીએ શબ્દોના ઘા કરી મને તમ્મર લાવી દીધાં.

"હું હૃદયરોગનો નિષ્ણાત છું. પરંતુંૈંઝેંમાં અનેક દર્દીઓને જોયા છે અને મારા અનુભવે કહું છું કે પિતાજી બેઠા નહીં થાય!"

(ડૉક્ટર કૃપલાણી તમે પિતાજીને શૉક આપી બેઠા કર્યા પણ હવે આવો શૉક?) મેં મનમાં વિચાર્યું.

મેં કહ્યું, "ઠીક છે, જોઈએ." અને પાછો મનોમન ભુવનેશ્વરીને યાદ કરવા લાગ્યો. થોડીક હિંમત આવી અને મનમાં વિચાર્યું – ડૉક્ટર તમે તમારું કામ સારી રીતે કરી દીધું, હવે બાકીનું અમે જોઈ લઈશું.

ત્યારબાદના પ્રસંગો ઝડપથી વીત્યાં. અનેક ચઢાવ-ઉતાર પછી વેન્ટિલેટર ગયું. પિતાજીને પ્રૉપોફોલ બંધ કાર્યના છેક ચાર દિવસે પૂરું ભાન આવ્યું અને બધાંને ઓળખતા થયા. તેમને હાથ-પગ હલાવતા બીજા ૩-૪ દિવસ નીકળી ગયા. આ ત્રીસ દિવસમાં હું પણ અહલ્યાને સહાય કરી શકું એટલો જાણકાર બની ગયો. મનમાં બે જ શબ્દો ઘુમરાયા કરતા હતા – શ્રદ્ધા અને સબૂરી !

બીજી સર્જરી તો બાકી જ હતી પણ હવે મારી અંદર નવી આશાનો સંચાર હતો. મારી હિંમતૈંઝેં છે. મારી ભુવનેશ્વરી મને કહી રહી છે –ૈં જી ર્એ! ફિર કાહે કા ડર ?

ચિરાગ પટેલ- ડલાસ- અમેરિકા

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું